
The Bell Foundation

# અંગ્રેજી શિક્ષણ પ્રણાલી વિશેઃ પ્રાથમિક શાળાઓ

## વધારાની ભાષા તરીકે અંગ્રેજીનો ઉપયોગ કરતા બાળકોના માતાપિતા માટે માર્ગદર્શન (ઇ.એ.એલ.)




### આ માર્ગદર્શનમાં શું આવરી લેવામાં આવ્યું છે?

અહી તમે કામની વ્યવહારૂ માહિતી મેળવી શકો છો તમેતમારા બાળક માટે શાળાના સ્થળ વિશેની અને અંગ્રેજી શિક્ષણ પ્રણાલીને સમજવા માટેની માહિતી મેળવી શકો છો.

ઇંગ્લેંડમાં વિવિધ પ્રકારની શાળાઓ છે, જેમાં કેટલીકમાં વાલીઓએ આના માટે ચૂકવણી કરવી પડે છે (જેમકે ફી ભરતી/ સ્વતંત્ર / ખાનગી શાળાઓ).

આ માર્ગદર્શન તમને એવી અંગ્રેજી શાળાઓ વિશે જણાવે છે કે જેના માટે તમારે ચૂકવણી કરવાની જરૂર નથી (જેમકે. સરકારી શાળાઓ). વિવિધ પ્રકારની શાળાઓમાં સમાવેશ થાય છેઃ

- લોકલ ઓથોરિટી (એલ.એ.) શાળાઓ - સ્થાનિક સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે
- એકેડેમીઓ અને ફ્રી શાળાઓ - તેમને કેન્દ્ર સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવે છે અને તે ઘણીવાર ટ્રસ્ટનો ભાગ હોય છે
- ફેઇથ શાળાઓ - કોઈ એક ધર્મ સાથે જોડાયેલી હોય છે

તમે સંપૂર્ણ અથવા આંશિક રીતે ઘરે તમારા બાળકને ભણાવવાનું પણ પસંદ કરી શકો છો. આને હોમ એજ્યુકેશન (કે ઇલેક્ટિવ હોમ એજ્યુકેશન કે હોમ સ્કુલીંગ)કહેવાય છે. વધુ વિગતો માટે જુઓ:

https://www.gov.uk/home-education




## 1. હું મારા બાળક માટે શાળા સ્થળ કેવી રીતે શોધી શકું?

તમારી લોકલ કાઉન્સિલ (જેને લોકલ ઓથોરિટી કે એલ.એ.પણ કહે છે)નો સંપર્ક fiતમારા બાળકની શાળાને પસંદ કરવા માટે કરી શકો છો કારણ કે:

- જો તમારું બાળક 5 થી 16 વર્ષનું હોય તો લોકલ કાઉન્સિલે સ્થાનિક વિસ્તારમાં શાળા શોધી આપવાની રહે છે
- તમે શાળા પ્રવેશ વિશે વધુ માહિતી અહીં મેળવી શકો છો:

  **https://www.gov.uk/schools-admissions**

**તમને કઈ શાળા ગમશે તે નક્કી કરવામાં તમારી સહાય કરવા માટે અહીં કેટલાક વિચારો આપવામાં આવ્યા છે:**

- સાંજે ખુલ્લી શાળાની મુલાકાત લો
- તેમની શાળાની વેબસાઇટ જુઓ
- તેમનો તાજેતરનો ઓફસ્ટેડ ઇન્સપેક્શન રિપોર્ટ વાંચો: **https://reports.ofsted.gov.uk/**
- શાળાની એકંદર કામગીરી તપાસો:

  **https://www.compare-school-performance.service.gov.uk/**
- અન્ય વાલીઓ શાળા વિશે શું વિચારે છે તે વિશે તેમની સાથે વાત કરો

**તમને ખબર પડી જાય કે તમને કઈ શાળાઓ ગમે છે, ત્યારે તમારે આટલું કરવાની જરૂર રહેશે:**

- તમને ગમે તેવી કેટલીક શાળાઓના નામ આપીને ઓનલાઇન અરજીપત્રક ભરો
- પ્રાથમિક શાળા અરજી માટે તમારાકેચમેન્ટ ક્ષેત્ર નો સમાવેશ કરો
- તમારી લોકલ કાઉન્સિલની શાળા પ્રવેશ ટીમ [સી.બી. 2] ની મદદ માટે પૂછો કારણ કે શાળાની અરજી પ્રક્રિયા જટિલ હોઇ શકે છે
- કાઉન્સિલને પૂછો કે ત્યાં તમને  અન્ય લોકો, સમુદાય જૂથો અથવા દુભાષિયા મદદ કરી શકે તેમ છે

## 2. મારું બાળક કઈ ઉંમરે શાળાએ જવાનું શરૂ કરશે?

ઇંગ્લેન્ડના બધા બાળકોના પાંચમા જન્મદિવસ પછીના સમયથી ફૂલ ટાઇમ શિક્ષણ શરૂ કરવું આવશ્યક છે. જો કે, મોટા ભાગના બાળકો ચાર વર્ષની ઉંમર વટાવ્યા પછી સપ્ટેમ્બરમાં રિસેપ્શન ક્લાસમાં જોડાય છે.

તમારા બાળકને ક્યારે શાળા શરૂ કરવી જોઇએ તે વિશે વધુ માહિતી માટે તમારી લોકલ ઓથોરિટી અથવા શાળાનો સંપર્ક કરો.

## 3. હું શાળાની મુદત અને રજાની તારીખો કેવી રીતે જાણી શકું?

સમગ્ર ઇંગ્લેંડમાં શાળાની મુદત અને રજાની તારીખો અલગ અલગ હોય છે.

તારીખ કે દેખાવ વિશે જાણકારી મેળવવા શાળાને પુંછવા આવેબસાઇટનો સંપર્ક કરો:

**https://www.gov.uk/school-term-holiday-dates**


કોપિરાઇટ © બેલ એજ્યુકેશન ટ્રસ્ટ લિમિટેડ (બેલ ફાઉન્ડેશન તરીકે કાર્યરત) ઓક્ટોબર 2020

## 4. હું શાળા પાસેથી શું અપેક્ષા રાખી શકું?

નવા વાલીઓ માટે વાંચો શાળા આમૂખ કેસ્વાગત પૂસ્તિકા અને વેબસાઇટની મૂલાકાત લો; જો તમને જરૂર હોય તો માહિતિના અનુવાદ માટે મદદ માંગો.

### તમારા બાળક માટે, ત્યાં આટલું હશે:

- તમારા બાળકને શાળામાં સ્થાયી થવા માટે આકર્ષક પ્રવૃત્તિઓ
- સમાન વયના લગભગ 30 વિદ્યાર્થીઓનો વર્ગ
- એ જ શિક્ષક દ્વારા શીખવવામાં આવતા પાઠનું નિયમિત સમયપત્રક
- કેટલાક પાઠો(જેમકે, (શારીરિક શિક્ષણ (પી.ઇ.) અને સંગીત) સંભવતઃ સ્પેશિયાલિસ્ટ શિક્ષક દ્વારા શિક્ષણ
- સંપૂર્ણ અભ્યાસક્રમ મેળવવા - વધુ માહિતી માટે નીચે જુઓ
- વર્ગખંડમાં શિક્ષણ સાથે જોડાયેલું હોમવર્ક
- એક સર્વસમાવેશક અભિગમ કે જ્યાં બધા બાળકો સાથે ન્યાયી વર્તન કરવામાં આવે છે

### મારું બાળક શાળામાં બીજું શું કરશે?

તમારું બાળક વધારાની અભ્યાસક્રમની પ્રવૃત્તિઓ, શાળાના પ્રવાસો અને અન્ય કાર્યક્રમોમાં ભાગ લેવા માટે સમર્થ હશે, જેમાં સમાવેશ થાય છે:

- સંમેલનો અને સામૂહિક પૂજા માટેની તકો
- વિશેષ-અભ્યાસક્રમની પ્રવૃત્તિઓ  અને ક્લબ, દા.ત., રમતગમત, સંગીત અને નાટક
- રસિક સ્થાનો / થિયેટરો / રમતગમતના  પ્રસંગોએ શાળા સફરો
- બાળકોનું પર્ફોર્મન્સ જોવા ક્લાસ એસેમ્બલી અને પ્રોડક્શન્સ
- સોશિયલ ઇવેન્ટ અને અને ભંડોળ એકત્ર કરવાની ઇવેન્ટ્સ જેમકેરમતગમતના દિવસો, ઉનાળો અને નાતાલ મેળાઓ, ડિસ્કોઅનેક્વિઝ



### શાળામાં શું થઈ રહ્યું છે તે હું કેવી રીતે જાણું છું?

તમારી શાળા તમારી સાથે નિયમિત વાતચીત કરશે જેથી તમને જાણકારી મળે કે તમારા બાળકના વર્ગમાં શું ચાલી રહ્યું છે. શાખાઓ આના માટે વિવિધ પ્રકારના સંદેશાવ્યવહારના સ્વરૂપોનો ઉપયોગ કરશે:

- શાળા વેબસાઇટ: મહત્વની તારીખો, માહિતી અને જાહેરાતો
- સૂચનાઓ: ટેક્સ્ટ મેસેજ, સોશિયલ મીડિયા (દા.ત. ટ્વિટર) અને એપ
- ઓનલાઇન સિસ્ટમ્સઃ શાળા ભોજન અને વાલીઓની સાંજની મુલાકાતો
- ઇમેઇલ અને પત્રો: શાળા, વર્ગખંડ અને રજાની માહિતી
- વાલીઓની ઇવનિંગ અને અહેવાલો: રુબરુ મીટિંગો અને અહેવાલો
- મીટિંગો અને માહિતીની સાંજો: શાળા જીવન અને વિષયો વિશે
- સીધો સંદેશાવ્યવહાર: ફોન અથવા ઇમેઇલ દ્વારા એકબીજા



સાથે કે રમતના મેદાનમાં અન્ય વાલીઓ સાથે વાતચીત વાત કરીને વધુ માહિતી મેળવવી.

## 5. શાળા મારી પાસેથી શું અપેક્ષા રાખશે?

### માતાપિતા તરીકે, તમારી પાસેથી આટલી અપેક્ષા રાખવામાં આવશે:





- તમારા બાળકને દરરોજ અને સમયસર શાળાએ મોકલો, સિવાય કે તેઓ બીમાર હોય, તેમની એપોઇન્ટમેન્ટ હોય કે ધાર્મિક રજા હોય. પરથી વિગતો શોધો
  તમારા લોકલ કાઉન્સિલ તરફથી ફ્રી શાળા પરિવહન અહી છે:
  **https://www.gov.uk/free-school-transport**
- શા માટે તમારું બાળક ગેરહાજર છે તે જણાવવા શાળાનો સંપર્ક કરો.
  જો બની શકે તો શાળાને અગાઉથી કહો.
- તમારા બાળકોને ફક્ત શાળાની રજાઓમાં જ રજા પર લઈ જાઓ. જો તમે ચાલુ સત્ર દરમિયાન તમારા બાળકોને રજા પર લઈ જવા માંગતા હો તો, તો તમારે દંડ ભરવો પડી શકે છે. વધુ જાણકારી મેળવવા માટે શાળાનો સંપર્ક કરો અથવા આ વેબસાઇટ પર જાવ: **https://www.gov.uk/school-attendance-absence**
- તમારા બાળક અથવા કુટુંબની કોઈ મહત્વપૂર્ણ ઘટનાઓ અથવા સંજોગો વિશે શાળાને કહો. તેઓ તમને ટેકો આપવા માટે તેમનાથી બનતું બધુ કરશે.
- પુરી પાડો તબીબી વિગતો અને સંપર્ક વિગતો
- એની મંજુરી આપવા માટે તમારું સંમતિ ફોર્મ પૂર્ણ કરો કે તમારું બાળક શાળાના પ્રવાસે જઈ શકે છે, ફોટોગ્રાફ્સ લઈ શકે છે વગેરે.



## 6. શાળામાં કોનું શું પદ છે?



જુઓ શાળા આમૂખ શાળાની વેબસાઇટ ફોટોગ્રાફ અને નામ માટે
કે સ્ટાફના સભ્યો, કેટલીકવાર તેમની યાદી શાળાના પ્રવેશદ્વારે પણ મુકવામાં આવે છે.

શાળાને પૂછો કે કયા સ્ટાફ સભ્યો તમારા બાળક સાથે કામ કરશે. આમાં સામેલ હોઈ શકે છે:



- સિનિયર લિડર્સ - જેમકે હેડ ટિચર, ડેપ્યૂટી હેડ ટિચર
- ઓફિસ સ્ટાફ - જેમકે, શાળા રિસેપ્શનિસ્ટ
- શૈક્ષણિક સ્ટાફ- જેમકે વર્ગ શિક્ષક અને સહાયક શિક્ષક
- પેસ્ટોરલ સ્ટાફ –જેમકે, હોમ સ્કુલ ઓફિસર કે લર્નિંગ મેન્ટર
- સ્પેશિયાલિસ્ટ સ્ટાફ - જેમકે, ઇ.એ.એલ. ટિચર્સ (વધારાની ભાષા તરીકે અંગ્રેજી), SENDCo(સ્પેશિયલ એજ્યુકેશનલ નિડ્સ એન્ડ ડિસેબિલિટિઝ કો-ઓર્ડિનેટર), ડેઝિગ્નેટેડ સેફગાર્ડિંગ લીડ ટિચર(ડી.એસ.એલ.)


કોપિરાઇટ © બેલ એજ્યુકેશન ટ્રસ્ટ લિમિટેડ (બેલ ફાઉન્ડેશન તરીકે કાર્યરત) ઓક્ટોબર 2020

## 7. શાળામાં શું શિખવાડ્યુ અને કઈ પરીક્ષાઓ લીધી?

તમારું બાળક કયા ફેઝમાં, કયા તબક્કામાં અને વર્ષના ગ્રૂપમાં રહેશે અને તે કયા એસેસમેન્ટ / ટેસ્ટ / પરીક્ષાઓ આપશે તે શોધવા કૃપા કરીને નીચે આપેલા કોષ્ટકને જુઓ:

| ફેઝ | સ્ટેજ | વર્ષ જુથ | વય શ્રેણી | એસેસમેન્ટ/ ટેસ્ટ/પરીક્ષાઓ | વિષયોનો અભ્યાસ કર્યો |
|---|---|---|---|---|---|
| પ્રાથમિક | અર્લી યર્સ ફાઉન્ડેશન સ્ટેજ (ઇ.વાય.એફ.એસ.) | રિસેપ્શન વર્ષ | 4-5 | રિસેપ્શનના અંતે:ઇ.વાય.એફ.એસ. પ્રોફાઇલ પૂર્ણ થાય છે | સંદેશાવ્યવહાર અને ભાષા, શારીરિક વિકાસ, વ્યક્તિગત, સામાજિક અને ભાવનાત્મક વિકાસ, સાક્ષરતા, ગણિત, દુનિયાની સમજ, અર્થસભર કળાઓ અને ડિઝાઇન |
| | ચાવીરૂપ તબક્કો 1 | વર્ષ 1<br>વર્ષ 2 | 5-6<br>6-7 | વર્ષ 1ના અંતે: ફોનિક્સ સ્ક્રીનીંગ તપાસ<br>વર્ષ 2ના અંતે: ચાવીરૂપ તબક્કો 1 એસ.એ.ટી.ની ટેસ્ટ | અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન ડિઝાઇન અને ટેકનોલોજી (ડી.ટી.), ઇતિહાસ, ભૂગોળ, કળા અને ડિઝાઇન, સંગીત, શારીરિક શિક્ષણ (પી.ઇ., તૈરાકી સહિત), કોમ્પ્યુટિંગ |
| | ચાવીરૂપ તબક્કો 2 | વર્ષ 3<br>વર્ષ 4<br>વર્ષ 5<br>વર્ષ 6 | 7-8<br>8-9<br>9-10<br>10-11 | વર્ષ 3-5ઃ ચાલુ ઇન્ટર્નલ એસેસમેન્ટ્સ<br>વર્ષ 6ના અંતે: ચાવીરૂપ તબક્કો 2 એસ.એ.ટી.ની ટેસ્ટ | અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન ડિઝાઇન અને ટેકનોલોજી (ડી.ટી.), ઇતિહાસ, ભૂગોળ, કળા અને ડિઝાઇન, સંગીત, શારીરિક શિક્ષણ (પી.ઇ., તૈરાકી સહિત), કોમ્પ્યુટિંગ, પ્રાચિન અને અર્વાચીન વિદેશી ભાષાઓ |

વધુ વિગતો માટે જુઓ **https://www.gov.uk/national-curriculum**

## 8. મારા બાળકને શેની જરૂર પડશે?

### તમારા બાળકની શાળાને શાળા ગણવેશ વિશે અને તેને ક્યાંથી ખરીદવો તે વિશે પૂછો.



- ઇંગ્લેંડની ઘણી બધી શાળાઓ બાળકો પાસે શાળાના ગણવેશ પહેરવાની અપેક્ષા રાખે છે, પરંતુ કેટલીક આવી અપેક્ષા રાખતી નથી
- શું ખરીદવું તેની યાદી તમારા બાળકની શાળા આપશે અને તમને તે ક્યાંથી મળશે તે જણાવશે; પી.ઈ. કિટ અને સ્વિમિંગ કીટ વિશે પણ પૂછો
- જો તમને આર્થિક અગવડતાઓ હોય તો તમારી શાળાને કહો, તે કદાચ મદદ કરી શકે

### તમારી શાળાને શિક્ષણ માટેનાં સાધનો વિશે પૂછો, જેમાં સામેલ હોઈ શકે છે:



- પુસ્તકો, ગૃહકાર્ય અને શાળાના પત્રો વાંચવા માટેનો બુકબેગ
- પીઇ કીટ, પેક લંચ અને અન્ય સાધનો માટે રકસેક
- સ્ટેશનરી જેમકે પેન, પેન્સિલો વગેરે માટેનું પેન્સિલ કેસ.
- કેલ્ક્યુલેટર અને ગણિતના અન્ય સાધનો

### તમારી શાળાને તમારા બાળક માટે બપોરના ભોજનના વિકલ્પો વિશે પૂછો, જેમાં સામેલ છે:



- શાળાનું ભોજન - ક્યારેક તેને સ્કુલ લંચ અથવા ડિનર કહેવામાં આવે છે
- પેક લંચ- ઘરથી જઇ જવામાં આવે છે
- હોમ ડિનર - લંચ માટે ઘરે જવાનું હોય છે

### શાળા ભોજન મેનૂ, ખર્ચ અને કેવી રીતે ચૂકવણી કરવી તે વિશે પૂછો, કારણ કે:

- શાળા વિશેષ આહાર આવશ્યકતાઓમાં સહાય કરી શકે છે, દા.ત. હલાલ ભોજન
- રિસેપ્શનમાં બાળકો, વર્ષ 1 અને વર્ષ 2 માં નિશુલ્ક શાળા ભોજન મેળવે છે
- જો કુટુંબને કેટલાક બેનેફિટ મળતા હોય તો અન્ય બાળકો નિશુલ્ક શાળા ભોજન (એફ.એસ.એમ.) પણ મેળવી શકે છે. તમે અહીં વધુ માહિતી મેળવી શકો છો: **https://www.gov.uk/apply-free-school-meals**

## 9. જરૂરિયાતમંદો માટે કયા વધારાના સપોર્ટ છે?



- પેસ્ટોરલ સપોર્ટ: શાળા અથવા ઘર વિશેની કોઇપણ ચિંતાઓમાં મદદ કરવા માટે
- ડેઝિગ્નેટેડ લેફગાર્ડ લીડ : ગંભીર ચિંતાઓમાં મદદ કરવા માટે
- અંગ્રેજી ભાષા (ઇ.એ.એલ.) સપોર્ટ: વર્ગમાં અંગ્રેજી શીખવામાં સહાય માટે
- શિક્ષણ સહયોગ: જો તમારા બાળકની વિશેષ શૈક્ષણિક જરૂરિયાતો અથવા વિકલાંગતા
- બાહ્ય એજન્સીઓ: બાળકોને ટેકો આપવા માટે શાળાને મદદ કરવા માટેની વિશેષજ્ઞ

## 10. હું મારા બાળકને શીખવામાં કેવી રીતે મદદ કરી શકું?

તમારા બાળકને **અહીં** શીખવામાં કેવી રીતે મદદ


કોપિરાઇટ © બેલ એજ્યુકેશન ટ્રસ્ટ લિમિટેડ (બેલ ફાઉન્ડેશન તરીકે કાર્યરત) ઓક્ટોબર 2020